## 'દક્ષિણ-દીપક'–'દક્ષિણ દેશોદ્ધારક' સમર્થ પ્રવચનકાર

# પૂ. આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ

જૈનસમાજમાં ભાગ્યે જ કોઈ એવું હશે કે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના નામથી પરિચિત ન હોય. ગૌર વર્ણ, ભવ્ય મુખાકૃતિ, ચમકતાં નયનો, પ્રતિભાશાળી વ્યક્તિત્વને લીધે પૂજ્યશ્રી કોઈપણનું આકર્ષણકેન્દ્ર બની જતા. પૂજ્યશ્રીની સાધુજનોચિત સરળતા, ઉદારતા અને પ્રસન્નતાના ગુણોને કારણે થોડા સહવાસે જ સહુ કોઈ તેમના ભક્ત બની જતા. તેઓશ્રીનું વક્તૃત્વ અત્યંત પ્રભાવશાળી હતું. તેઓશ્રીની વાણી કઠોરતાને કોમળતામાં, કૃપણતાને ઉદારતામાં, કુટિલતાને સરળતામાં પરિવર્તિત કરી શકે તેવી હૃદયસ્પર્શી હતી. ભારતવર્ષનાં લાખો લોકોએ પૂજ્યશ્રીને સાંભળ્યા હતા અને અનેક સ્થાનોને પૂજ્યશ્રીએ અનેકવિધ શાસનપ્રભાવનાનાં કાર્યો દ્વારા શોભાવ્યાં હતાં.

મનોહર માલવાદેશની જાવરા નગરી પૂજ્યશ્રીની જન્મભૂમિ હતી. પિતાનું નામ મૂળચંદભાઈ અને માતાનું નામ ધાપુબાઈ હતું. ઓશવાલ જ્ઞાતિનાં આ દંપતીને ત્યાં સં. ૧૯૫૩માં તેઓશ્રીનો જન્મ થયો હતો. તેમનું સંસારી નામ દોલતરામ હતું. તેમનાથી છ-સાત વર્ષે મોટા રાજકુંવર નામે એક બહેન હતાં. દોલતરામની બાલ્યાવસ્થામાં જ પિતાએ ધંધાર્થે બીકાનેરમાં કાયમી વસવાટ કર્યો. પરંતુ માતા-પિતા લાંબું જીવ્યાં નહીં. આથી દોલતરામનો ઉછેર મામાને ત્યાં થયો. તેઓશ્રી સ્થાનકવાસી કુટુંબમાં જન્મ્યા હતા અને ચુસ્ત સ્થાનકવાસીને ત્યાં ઊછર્યા હતા, એટલે તેમના મન પર મૂર્તિપૂજા વિરુદ્ધ સંસ્કારો હતા. પરંતુ સોળ વર્ષની ઉંમરે પૂ. આત્મારામજી મહારાજ કૃત 'સમ્યક્ત્વ શલ્યોદ્ધાર' નામનો ગ્રંથ વાંચવામાં આવ્યો, અને તેમનાં આંતરચક્ષુ ખૂલી ગયાં. મૂર્તિપૂજા શાસ્ત્રસિદ્ધ વાત છે એ સમજાયું. ત્યાર પછી તેઓ હંમેશાં મંદિરે જઈ પ્રભુદર્શન કરવા લાગ્યા અને નમસ્કાર મહામંત્રની ત્રિકાલગણના કરવા માંડી. એવામાં એક વાર કામસર દિલ્હી જવાનું થયું. ત્યાં જાણવા મળ્યું કે આજે રામા થિયેટરમાં મુનિ શ્રી લબ્ધિવિજયજી મહારાજનું જાહેર પ્રવચન છે. તેઓ વ્યાખ્યાન સાંભળવા પહોંચી ગયા. મુનિશ્રીના વ્યાખ્યાને તેમના પર અદ્ભુત અસર કરી અને તેઓ વૈરાગ્યના રંગે રંગાઈ ગયા. મુનિશ્રી લબ્ધિવિજયજી (પછીથી આચાર્ય ભગવંત) મનુષ્યની પરીક્ષા કરવામાં અત્યંત વિખ્યાત હતા. તેઓશ્રીએ આ રત્નને પારખી લીધું. દોલતરામે પણ ભયાનક ભવાટવીને પાર કરવા માટે પૂજ્યશ્રીના પગ પકડી લીધા. ઘણો સમય પૂ. ગુરુદેવ પાસે રહી વિદ્યાભ્યાસ કર્યો. આખરે સં. ૧૯૭૧માં સિકંદરાબાદ (આગ્રા)માં ભવતારિણી ભાગવતી દીક્ષા અંગીકાર કરી મુનિશ્રી લક્ષ્મણવિજયજી બન્યા.

તેઓશ્રીની સ્મરણશક્તિ સતેજ હતી. અંતરમાં વિદ્યાર્જનનો અનેરો ઉત્સાહ હતો. તેથી શાસ્ત્રાભ્યાસ સારી રીતે ચાલ્યો. ન્યાય, તર્ક, જ્યોતિષ, મંત્ર, વ્યાકરણ, સાહિત્ય આદિ વિષયોમાં પ્રવીણતા પ્રાપ્ત કરી. મુંબઈમાં 'આત્મા, કર્મ અને ધર્મ' વિષય પર આપેલાં વ્યાખ્યાનો આજે પણ 'આત્મતત્ત્વવિચાર'ના બે ભાગમાં ઉપલબ્ધ છે અને વાંચતાં મંત્રમુગ્ધ કરે છે. તદુપરાંત,

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

દાદર—જૈન જ્ઞાનમંદિરમાં આપેલાં પ્રવચનોનો સંગ્રહ 'ધર્મતત્ત્વપ્રકાશ' જેનું સંપાદન પૂ. આ. શ્રી વિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજે કર્યું છે તે પણ તેઓશ્રીની વિદ્વત્તાનો પરિચાયક છે. સં. ૨૦૧૪માં રાજનગર-વિદ્યાશાળામાં નવકાર મહામંત્ર ઉપર આપેલાં પ્રવચનો 'નમસ્કાર-મહિમા' નામે પ્રસિદ્ધ થયાં છે. પૂજ્યશ્રીને પૂ. ગુરુદેવ આચાર્યભગવંત શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજે સં. ૧૯૯૧માં ગણિપદ, સં. ૧૯૯૨માં પંન્યાસપદ અને સં. ૧૯૯૩માં આચાર્યપદ અર્પણ કર્યાં. ચૈત્ર વદ પાંચમે આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા તે સમયે પૂ. ઉપાધ્યાયશ્રી ગંભીરવિજયજી મહારાજને પણ આચાર્યપદે સ્થાપવામાં આવ્યા હતા અને આ પ્રસંગે સૌરાષ્ટ્રની પાવન ભૂમિ શિહોરમાં આઠ દિવસ સુધી ભવ્ય મહોત્સવ ઊજવાયો હતો અને ત્યારથી જૈનાચાર્ય શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજનું નામ લાખો લોકોના હૈયે અને હોઠે રમવા લાગ્યું હતું.

પૂ. આચાર્યશ્રીએ સૂરિમંત્રની પાંચે પીઠો (પંચપ્રસ્થાન) સિદ્ધ કરેલી હતી. પહેલી અને બીજી પીઠ રોહીડા (રાજસ્થાન)માં સિદ્ધ કરેલી; ત્રીજી અને ચોથી પીઠ અંધેરી—મુંબઈમાં; અને પાંચમી પીઠ નિપાણીના ચાતુર્માસ વખતે સોળ આયંબિલપૂર્વક, મૌન પાળી, સ્ત્રીનું મુખ જોયા વિના સિદ્ધ કરી હતી. પરિણામે, પૂજ્યશ્રીનો પ્રભાવ એટલો પ્રબળ બનેલો કે સંકલ્પ કરેલાં સર્વે કાર્યો સત્વરે સિદ્ધ થતાં. પૂજ્યશ્રીનું વ્યક્તિત્વ વિરલ હતું. તેઓશ્રીમાં પાંડિત્યનો પ્રકાશ હતો, સાધુતાની સુવાસ હતી, મુત્સદ્દીની કુનેહ હતી, ધર્મપ્રચારની ધગશ હતી અને અંતરની આત્મીયતાનું જબ્બર આકર્ષણ હતું. પરિણામે, તેઓશ્રી જ્યાં જ્યાં પધારતા અને પ્રવચન કરતા, ત્યાં ત્યાં આબાલવૃદ્ધ સૌ તેમનાં પ્રવચનોમાં અસ્ખલિત વહ્યા કરતા. પૂજ્યશ્રીનાં પ્રવચનોમાં સિદ્ધાંતોનું છટાદાર નિરૂપણ, હેતુઓ અને યુક્તિઓનું પ્રૌઢ પ્રતિપાદન, વીર, હાસ્ય, કરુણ આદિથી ભરેલાં દૃષ્ટાંતોની સુંદર રજૂઆત રહેતી. તેથી મદારી જેમ મોરલીથી સર્પને ડોલાવે, તેમ પૂજ્યશ્રી વિશાળ શ્રોતાવર્ગને ડોલાવી દેતા! ભારતભરમાં વિચરતા રહેવું અને લોકોને ધર્મનું ઘેલું લગાડવું એ નિર્ગ્રન્થધર્મનું પૂજ્ય આચાર્યશ્રી ચીવટથી પાલન કરતા. તેઓશ્રીએ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મારવાડ, માલવા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્ર અને તામિલનાડુ જેવા વીશ હજારથી વધુ માઈલનો વિહાર કર્યો હતો. તેઓશ્રી જ્યાં જ્યાં વિચર્યા તે ભૂમિ પાવન અને ધન્ય બની ગઈ. ત્યાંનાં હજારો સ્ત્રી—પુરુષો પૂજ્યશ્રીના દર્શન, સહવાસ અને વ્યાખ્યાન-શ્રવણથી કૃતાર્થ બનતા. પૂજ્યશ્રીના ઉપદેશથી હજારો માણસોએ જીવહિંસા ત્યજી હતી. મૈસૂર રાજ્યમાં અનેક ગામોમાં અમુક અમુક દિવસોમાં કતલખાનાં બંધ રાખવાના નિયમો થયા હતા. વળી, તેઓશ્રીના ઉપદેશથી લાખો માણસો વ્યસનમુક્ત પણ બન્યા હતા. પૂજ્યશ્રી જ્ઞાન અને ક્રિયાના સમન્વયી ઉપાસક હતા. તેથી તેઓશ્રીનાં ઉપદેશથી અનેક સ્થળે જિનાલયોની પ્રતિષ્ઠા થઈ હતી, અનેક સંઘો નીકળ્યા હતા, અનેક સ્થળે ઉપાશ્રયો, પાઠશાળાઓ, જ્ઞાનમંદિરો અને આયંબિલ ખાતાંઓ સ્થપાયાં હતાં. અનેક સ્થળે ઉપધાન તપ, ઉજમણાં અને જિનેન્દ્રભક્તિ—મહોત્સવો ઉલ્લાસભેર ઊજવાયા હતા. એવી જ રીતે, ધાર્મિક સાહિત્યનું પ્રકાશન પણ વિપુલ પ્રમાણમાં થયું હતું. પૂજ્યશ્રીનાં પ્રવચનોનો પ્રભાવ અસાધારણ હતો. અસંખ્ય ભાવિકોએ અને અગણિત મહાનુભાવોએ તેમનાં પ્રવચનોનો લાભ લીધો હતો; જેમાં મૈસૂર નરેશ, ભાવનગર-નરેશ,

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જામનગરનરેશ, ઓખાનરેશ, સાંગલીનરેશ, મિરજનરેશ, દેલવાડાનરેશ, ચક્રવર્તી રાજગોપાલાચારી, મદ્રાસના પ્રધાન શ્રી વેંકટસ્વામી નાયડુ, ઉદ્યોગમંત્રી શ્રી સુ. કૃષ્ણરાવ, મૈસુર રાજ્યના મુખ્યમંત્રી શ્રી હનુમંથય્યા, ભારતના ઉદ્યોગમંત્રી શ્રી કે. સી. રેડ્ડી, મેજર જનરલ શ્રી કરીઅપ્પા, મહારાષ્ટ્રના ગવર્નર શ્રી શ્રીપ્રકાશ આદિ મુખ્ય હતા. આ ઉપરાંત, સમાજનો બૌદ્ધિક વર્ગ તેઓશ્રીનાં પ્રવચનોથી અત્યંત પ્રભાવિત થતો. પરિણામે, અનેક નગરોમાં પૂજ્યશ્રીના બહુમાનના જાહેર સન્માનસમારંભો પણ યોજાતા રહ્યા હતા.

દક્ષિણ ભારતનાં નોંધપાત્ર શાસનપ્રભાવક કાર્યોને લીધે તેઓશ્રીને 'દક્ષિણદીપક' અને 'દક્ષિણદેશોદ્ધારક' જેવી પદવીઓથી અલંકૃત કરવામાં આવ્યા હતા. વક્તા વિદ્વાન હોય, વિમલ ચારિત્રથી વિભૂષિત હોય અને વક્તૃત્વકલાવિશારદ હોય, પછી ચમત્કારો ન સર્જાય તો જ આશ્ચર્ય લેખાય! પૂજ્યશ્રીની દેશનાએ અનેક જીવો હિંસામાંથી અહિંસામાં, વ્યસનોમાંથી સદાચારમાં, અસત્યમાંથી સત્યમાં, કુસંપમાંથી સંપમાં અને અધર્મમાંથી ધર્મમાં પાછા ફર્યા હતા. પૂજ્યશ્રીની નિશ્રામાં ચાણસ્માથી ભોયણી તીર્થનો, રતલામથી માંડવગઢનો, હૈદ્રાબાદથી કુલ્પાકજી તીર્થનો— એવા અનેક છ'રી પાલિત સંઘો નીકળ્યા હતા. સિરોહીમાં ૪૫૦ ભાવિકોએ ઉપધાનતપની આરાધના કરી હતી, દસ હજારની મેદની વચ્ચે માલારોપણવિધિ થઈ હતી અને પૂ. પં. કીર્તિવિજયજી ગણિને આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યું હતું. સં. ૨૦૧૪માં રાજનગર (અમદાવાદ)ના મુનિસંમેલનમાં સમાધાન અને સંગઠન માટે ખૂબ કાર્યરત રહ્યા હતા. સં. ૨૦૧૯માં પૂ. ગુરુદેવશ્રી મુંબઈ–લાલબાગ જૈન ઉપાશ્રયે કાળધર્મ પામ્યા ત્યારે સ્વર્ગારોહણનો ઉત્સવ તેઓશ્રીની નિશ્રામાં ભવ્ય રીતે ઊજવાયો હતો. પૂજ્યશ્રીના વરદ હસ્તે ગાંધીનગર (બેંગલોર), શીમોગા, બાગલકોટ, ટુમકુર, કોલ્હાપુર, ભીવંડી, દાંતરાઈ, બાવળા, રોબર્સનપેઠ, નોબામંડી, રાધનપુર, માટુંગા (મુંબઈ), સાંકરા આદિ સ્થળોએ પ્રતિષ્ઠા-મહોત્સવો ઊજવાયા હતા. મહારાષ્ટ્રમાં નિપાણીનો ભવ્ય ઉપાશ્રય અને જ્ઞાનમંદિર પણ પૂજ્યશ્રીની પ્રેરણાનું પરિણામ છે. મહેસાણા, બેંગલોર, મદ્રાસ, બીજાપુર (કર્ણાટક), નિપાણી, બારસી, અંધેરી, ભાયખલા, પાર્લા, જૂહુ (મુંબઈ)ના આંગણે ઉપધાનતપની આરાધનાઓ થઈ હતી અને કેટલાંક સ્થાનોમાં ઉદ્યાપન રૂપે વિવિધ છોડનાં ઉજમણાં પણ થયાં હતાં. આ સર્વ શાસનપ્રભાવનાનાં કાર્યો પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવી વ્યક્તિત્વને લીધે બન્યાં હતાં.

એવા એ પ્રભાવશાળી સૂરીશ્વરજી મુંબઈ–દાદર જૈન મંદિરમાં સં. ૨૦૨૮ના ફાગણ વદ ૯ની રાત્રિએ ૩–૩૦ કલાકે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા, તે પૂર્વે રાત્રિના ૨–૩૦ સુધી તો ઊભા ઊભા હંમેશના નિયમ પ્રમાણે જાપ કરતા હતા. તેઓશ્રીની અંતિમ યાત્રામાં મુંબઈ અને પરાંઓમાંથી હજારો ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. ૨૫ હજારની ઉછામણી બોલી એક ભાવિક ભક્તે પૂજ્યશ્રીના અગ્નિસંસ્કાર કર્યા હતા. દિવંગત પૂજ્યશ્રીના શિષ્યરત્ન શતાવધાની પૂ. આ. શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં ત્રણ મહાપૂજનો અને ૧૯ દિવસનો પૂજ્યશ્રીને અંજલિ અર્પતો મહોત્સવ ભવ્ય રીતે ઊજવાયો હતો. એવા ધર્મધુરંધર મહાત્માને અંતઃકરણપૂર્વક કોટિ કોટિ વંદના!

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org